# પાટનગરના યક્ષપ્રશ્નો સેવાભાવી સંસ્થાઓનું સહચિંતન

ગાંધીનગર, તા. ૨૪

પાટનગરમાં ૪૦ જેટલી સેવાભાવી સંસ્થાઓના પ્રમુખશ્રી તથા પ્રતિનિધિઓ ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદએ કાળઝાળ મોંઘવારી, ભયંકર ભ્રષ્ટાચાર અને ગુનાખોરી સંબંધે અને તેની વેદનાઓની ચર્ચા કરવા માટે મળેલ હતી.

વસાહત મહામંડળના પ્રમુખશ્રી અરૂણભાઈ બુચના અધ્યક્ષ સ્થાને આ બેઠક મળેલ હતી. જેમાં કાળઝાળ મોંઘવારીને જન્મ આપીને પોષનાર મૂળભુત બાબતોમાં અબજો રૂપિયાના ભયંકર ભ્રષ્ટાચાર અંગે સુચનો થયા હતા. શ્રી ભાનુપ્રસાદ પુરાણી, મહેન્દ્રભાઈ પુરોહિત, શ્રી ડંકેશ ઓઝા, શ્રી એસ.ડી. ગોસ્વામી, શ્રી જયંતભાઈ ભટ્ટ, શ્રી રવિન્દ્રભાઈ દવે, શ્રી એસ.ડી.આર. મલિક, શ્રી ચતુરભાઈ ઠાકોર, શ્રી જયાબેન લાડ, શ્રી પી.જે. પરમાર, શ્રી રવિ પટેલ, શ્રી રાજેન્દ્રભાઈ પારેખ, શ્રી મુળજીભાઈ પરમાર વગેરે સુચનો કરેલ હતા. જેમાં તમામ ક્ષેત્રમાં વચેટીઓની પદ્ધતિ નાબૂદ કરવી. સરકારી ખાતામાં ચાવીરૂપ જગ્યાઓ ઉપર રાજકીય વિચારધારાની નિમણુંકનો વિરોધ કરવો,બીપીએલની વ્યાખ્યામાં સુધારો કરવો. પાટનગરની મહાનગર પાલિરાની ફકત સફાઈની એક જ બાબતમાં નિષ્ફળ નિવડેલ છે. તો કોર્ટમાં જવું જોઈએ. ફરિયાદ નિવારણ સમિતિની રચના કરવી જોઈએ. પેટ્રોલિયમ પેદાશોની વપરાશ પર કાપ મુકવો, ભાવવધારાની પ્રક્રિયા પારદર્શી જોઈએ. ભ્રષ્ટાચાર સામે લડવા માટે એક મજબૂત સંગઠન કરવું જોઈએ. પાટનગરમાં નાગરિકોના સળગતા પ્રશ્નો પ્રત્યેની ઘોર ઉદાસીનતા દુર કરવાની જરૂર છે. દુધના ભાવ માટે ભાવપંચ નિમવા જરૂરી છે. આમ ઉપરોકત પ્રશ્નોની ચર્ચા બાદ જાગૃત નાગરિક પરિષદના પ્રમુખ લવજીભાઈ વાડીયા દ્વારા પાંચ ઠરાવો કરવામાં આવ્યા હતા. ૧૧ સભ્યોની કોર કમિટિ બનાવવી, આ કોર કમિટિની પસંદગી કરવાની અરૂણભાઈ બુચનો કામગીરી સોપવામાં આવેલ હતી, કોર કમિટિની કામગીરી સભ્ય સચિવને સહાયક સભ્ય સચિવની પસંદગી કરવામાં આવશે, કોર કમિટિની સભ્ય સંખ્યા યક્ષ પ્રશ્નોની રજૂઆત સમીક્ષા કરવામાં આવશે, કોર કમિટિની રચના દ્વારા તમામ પ્રવૃત્તિ સાથ-સહકાર અકબંધ રહેશે. તેવી ખાત્રી આપવામાં આવી હતી.

અંતમાં અરૂણભાઈ બુચે પ્રમુખ સ્થાને જણાવ્યું હતું કે પાટનગરમાં સક્રિયતા અને એકતાની એનિવાર્યતા છે. આમ જનતાની સુવિધા માટે અહમને ઓગાળીને એકમાળાના મણકા બની રહેવાની અપીલ કરી હતી. મહાસભાનું સફળ વ્યવસ્થા જયંતભાઈ ભટ્ટ તથા મુળજીભાઈ દધિએ કરેલ હતું.

## પ્રસાદના બહાને કાંઈક ભળતુ ખવડાવી યુવતિ પર બળાત્કાર ગુજારાયો

ગાંધીનગર, તા. ૨૪

મંદિરના પ્રસાદના બહાને કાંઈ ભળતુ ખવડાવી ઘેનમાં આવેલી યુવતિને ઘરે લઈ જઈને યુવકે બળાત્કાર ગુજાર્યો હોવાની ફરિયાદ સે. ૭ પોલીસ મથકે નોંધાઈ છે.

પોલીસ સૂત્રોમાંથી જણાવ્યા અનુસાર, અમદાવાદના શખ્સ નિશાંતસિંહ દનુસિંહ રાજપૂતે કંપનીમાં કામ કરતી યુવતીને મંદિરથી તેના માટે પ્રસાદ લાવ્યો હોવાનું કહી ફોસલાવી હતી. પ્રસાદ ખાતાની સાથે જ ચક્કરે ચઢેલી યુવતીને જાણે ઘેન ચઢ્યું હતું. પ્રસાદના બહાને કોઈ ભળતુ ખવડાવી ઘેનમાં ચઢેલી યુવતિને અમદાવાદનો આ યુવાન પોતાના ઘરે લઈ ગયો હતો. જ્યાં તેણી પર બળાત્કાર ગુજાર્યો હતો. આ અંગે સે. ૭ પોલીસમથકે ફરિયાદ નોંધાતા પી.એસ.આઈ. એ.કે. ટેલરે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ગ-૩ પાસે સ્ટ્રીટ લાઈટના પેનલ બોર્ડમાં આગ ભભૂકી

### રાત્રીના સમયે ફાયર ટીમે માટી નાંખી આગને શાંત પાડી

ગાંધીનગર, તા. ૨૪

ગ-૩ સર્કલ પાસે ગઈકાલે રાત્રીના સમય દરમિયાન સ્ટ્રીટલાઈટની પેનલ બોર્ડમાં શોર્ટ-સર્કીટ થવાના લીધે આગ ભભૂકી હતી. જો કે ફાયરબ્રિગેડ આગને ત્વરિત કાબૂમાં લઈ લેતા મોટી દુર્ઘટના ટળી હતી.

બનાવની પ્રાપ્ત માહિતી અનુસાર ગ-૩ પાસે સ્ટ્રીટલાઈટના પેનલ બોર્ડમાં રાત્રીના ૮ વાગ્યાના અરસામાં અચાનક આગ લાગવા પામી હતી. આ જગ્યાએ એકબાજુ ખોદ કામગીરી ચાલી રહી છે તેવામાં રાત્રીના સમયે કેબલમાં શોર્ટ સર્કીટ થતા અચાનક આગ ભભૂકી હતી. આ અંગે સ્થાનિક જાગૃત નાગરીકે ફાયરબ્રિગેડને જાણ કરતા ઘટના સ્થળે પહોંચેલા ફાયર ટીમના જવાનોએ માટી નાંખીને આગને ઝડપથી શાંત પાડી દીધી હતી. આ તબક્કે જી.એસ.પી. સી. અને એ.ઈ.સી. તંત્રના કર્મચારીઓ પણ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.જ્યારે બાજુમાંથી ગેસ લાઈન પણ પસાર થતી હોવાથી સમયસૂચકતાના લીધે મોટી દુર્ઘટના ટળી હતી.

## દહેગામ ખાતે ખેડૂત શિબિર યોજાઈ



ગાંધીનગર, તા. ૨૪

દહેગામ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ દ્વારા આજરોજ ખેડૂત શિબિર નીલકંઠ મહાદેવ મંદિર ખાતે યોજાઈ હતી. આ શિબિરમાં લોકસભાના સાસંદ શ્રી હરિનભાઈ પાઠક અને જિલ્લા -ભારી મંત્રી શ્રી જયસિંહ ચૌહાણ ઉપસથિત રહયાં હતાં. આ -સંગે કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા ખેડૂતોને વિવિદ્ય પાકો માટેની ઉપયોગી અને રસ-દ માહિતી આપવામાં આવી હતી.

આ -સંગે લોકસભાના સાસંદ શ્રી હરિનભાઈ પાઠકે જણાવ્યું હતું કે, દુનિયાનો કોઈ પણ દેશ શસ્ત્રો વેચીને સમૃધ્ધ થતો નથી. પરંતુ જે દેશની જમીન માંથી સોનું રૂપી ખેતીનું ઉત્પાદન વધુ હશે, તે દેશનો વિકાસનો ગ્રાફ આપોઆપ ઉંચો આવશે. તેમણે આરબ દેશોથી ઘેરાયેલા અને પાણીની પુરતી સુવિદ્યા ન ઘરાવતા હોવા છતાં દુનિયાભરમાં ઈઝરાઈલ દેશની ખેતી કેમ વખાણાય છે તેની રસ-દ વાત કરી હતી. ગુજરાતના કૃષિ વિકાસ દર ઉંચો જવા માટે કૃષિ મહોત્સવ પાયામાં હોવાનું ભાર પૂર્વક જણાવ્યું હતું

તેમણે કૃષિ મહોત્સવમાં વિતરણ થયેલ કિટૂસની માહિતી આપતા જણાવ્યું હતું કે, અત્યાર સુઘી જિલ્લામાં કૃષિ મહોત્સવ થકી બાગાયતની-૧૦૪૫, ખેતીવાડીની-૧૦૬૫ અને પશુપાલનની - ૮૬૫ કિટૂસનું વિતરણ કરવામાં આવ્યું છે. જયારે પશુપાલન મેળાઓમાં ૧,૦૬,૦૪૬ પશુઓનું રસીકરણ અને ૪૩૮૦ પશુઓનું કૃત્રિમ બીજદાન કરવામાં આવ્યું છે.

આ શિબિરમાં આત્મા -ોજેકટ અંતર્ગત અપાતા બેસ્ટ ફાર્મર એવોર્ડના વર્ષ-૨૦૧૦-૧૧ના જિલ્લા કક્ષાના બેસ્ટ ફાર્મર શ્રીડાજ્ઞાભાઈ કાન્તિભાઈ પટેલને ૨૫ હજારનો અને તાલુકા કક્ષાના બેસ્ટ ફાર્મર શ્રી ડાજ્ઞાભાઈ લાલજીભાઈ પટેલને ૧૦ હજારનો ચેક અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતુંઆ -સંગે પંચવટી ફાર્મના શ્રી રમેશભાઈ પટેલે રૂપિયા ૫ હજારનો ચેક મંત્રીશ્રીને મુખ્ય મંત્રીશ્રી કન્યા કેળવણી નિધિ માટે અર્પણ કર્યો હતો. કૃષિ વૈજ્ઞાનિક શ્રી ડૉ. આઈ. એન. ડોડિયાએ કૃષિ સંબંધિત રસ-દ માહિતી ઉપસથિત સર્વે ખેડૂતોને આપી હતી.

આ -સંગે દહેગામના ઘારાસભ્ય શ્રી કલ્યાણસિંહ ચૌહાણ, ગાંધીનગર શહેરી વિકાસ સત્ત્ા મંડળના ચેરમેન શ્રી અશોકભાઈ ભાવસાર, જિલ્લા ભાજપ -મુખ શ્રી શંકુત્ત્લાબેન પટેલ, દહેગામ એપીએમસીના ચેરમેન શ્રી સુમેરભાઈ અમીન, જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપ, જિલ્લા વિકાસ અઘિકારી શ્રી એમ.એ.ગાંધી, જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી કે.કે.પટેલ, જિલ્લા પશુપાલન અધિકારી શ્રી ડૉ.બી.કે.પટેલ, -ંત અધિકારી શ્રી -કાશભાઈ મકવાણા સહિત અનેક મહાનુભાવો અને ખેડૂતો ઉપસથિત રહયાં હતાં.

## સેક્ટર-૨ના કોર્નર પર દબાણ થતાં સ્થાનિકજનો પરેશાન

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર સેક્ટર-૭માંથી શાકભાજીની લારીઓનું દબાણ ખસેડાતા લારી ગલ્લાઓ, શાકભાજીની લારીઓ હવે સેક્ટર-૨-ડીના કોર્નર પર ઉભી રહે છે. સેક્ટર- ૨થી ૭ માં જવાના રસ્તા પર દબાણ થતા આજુબાજુમાં રહેતા અધિકારીઓ, કર્મચારીઓ, રહીશો હેરાન પરેશાન થઈ ગયા છે.

સેક્ટર-૨ના પ્રવેશ દ્વાર ઈન્ફોસીટીથી સેક્ટર-૨માં પ્રવેશતા લારીગલ્લા, દાબેલીવાળા, રિક્ષાવાળા સેક્ટરની ચારે બાજુના પ્રવેશ દ્વારા દિનપ્રતિદિન દબાણ વધારતા જાય છે. સેક્ટર-૨-એ ના કોર્નર પર આવેલા ધોબી-ઈસ્ત્રીવાળાના ગલ્લા પર રાત્રે લુખ્ખા તત્વોનો ત્રાસ વધી ગયો છે. એકલી આવતી જતી છોકરીઓ હેરાન પરેશાન થઈ ગઈ છે. સેક્ટર-૨-એનો ખૂણો જાણે ખાણી-પીણીનું બજાર બનતો જાય છે. લુખ્ખા તત્વોનો ત્રાસ, વધતુ જતુ દબાણ અને અશાંત પરિસ્થિતિથી સ્થાનિક રહીશોમાં રોષની લાગણી ફેલાઈ છે. દિન પ્રતિદિન વધતા દબાણને તંત્ર જો અટકાવશે નહીં તો કલેક્ટર સમક્ષ તેની રજૂઆત કરવામાં આવશે તેવું સ્થાનિક રહીશોએ જણાવ્યું છે.

## ચતુરજી ઠાકોર એન.સી.પી.માં જોડાયા

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષના પ્રદેશ મહામંત્રી અને પ્રવક્તા કરશનજી ઠાકોર, ડૉ. જગદીશચંદ્ર દાફડાના જણાવ્યા અનુસાર કોંગ્રેસના કાર્યકર તેમજ જિલ્લાના આગેવાન ચતુરજી રેવાજી ઠાકોર તેમના ટેકેદારો સાથે એન.સી.પી.માં જોડાયા છે. પ્રજાના પ્રશ્નો માટે લડત આપવાના અભિગમ સાથે તેઓ એન.સી.પી.માં જોડાયા હોવાનું જણાવી રાષ્ટ્રવાદી યુવક કોંગ્રેસના પ્રમુખ નરેન્દ્રસિંહ વાઘેલા તેમજ શહેર પ્રમુખ પ્રદીપસિંહ ચંપાવતે તેમને આવકાર્યા છે.

## રથયાત્રા પર્વનો જળ યાત્રા મહોત્સવ ૪ જુનના રોજ યોજાશે

અમદાવાદ, તા. ૨૪

ભગવાનશ્રી જગન્નાથજીની ૧૩૫મી રથયાત્રા પર્વનો જળયાત્રા મહોત્સવ તા. ૪થી જૂન રોજ ઉજવાશે. જગન્નાથ મંદિરેથી શોભાયાત્રા દ્વારા સાબરમતી નદીના સોમનાથ ભૂદરના આરે ગંગા પૂજન થશે. પૂજનવિધિ બાદ ૧૦૮ કળશ જળ ભરી મંદિરે ભગવાનશ્રી જગન્નાથની ષોડસોપચાર પૂજનવિધિ કરી મહા જલાભિષેક કરવામાં આવનાર છે. તેમ મહામંડલેશ્વર મહંતશ્રી દિલીપદાસજી ગરૂ રામેશ્વરજી મહારાજ તથા જગન્નાથ મંદિર ઉત્સવ કમિટિએ જણાવેલ છે. જળયાત્રાના મુખ્ય યજમાન પદે શેઠશ્રી શૈલેષભાઈ પટવારી, ચેરમેનશ્રી નેકસસઈન્ફ્રાટેક પ્રા.લિ. મહોત્સવના યજમાન પદે શ્રી પ્રશાંતભાઈ દેસાઈ, શ્રી દિલીપભાઈ પ્રજાપતિ, શ્રીમતી સુલોચનાબેન ગુપ્તા, શ્રી જયેશભાઈ પ્રજાપતિ, શ્રીમતી ઉષાબેન બ્રહ્મભટ્ટ રહેશે. મહોત્સવના મુખ્ય અતિથિ પદે સાબરમતી રિવરફ્રન્ટના નિયામકશ્રી પૂર્વ સાંસદશ્રી સુરેન્દ્રભાઈ પટેલ રહેશે. અતિથિ વિશેષ પદે મેયર, ડેપ્યુટી મેયર, સાંસર સભ્યો, ધારાસભ્યો, કોર્પોરેટર વગેરે ઉપસ્થિત રહેશે.

# નટુ તો મારો મોટો દિકરો જ છે

### ધો. ૧૦માં નાપાસ થયેલો નટુ આજે ડૉ. મનિષાબેન અને ચેતનભાઈના માર્ગદર્શન તળે અધિકારી બનવા થનગની રહ્યો છે

જીવનમાં ઘણા વ્યક્તિઓ આવનજાવન કરતાં હોય છે. પરંતુ તે પૈકીના અમુક જ એવા હોય છે જેમની સાથે હૃદયનો સંબંધ જોડાઈ જાય છે. અને જીવનભર ટકી રહે છે. ધો. ૧૦ ની પરીક્ષામાં અસફળ રહેલા નટવરને તેની મમ્મી ડૉ. મનીષાબેન પાસે નાટુ-મોટુ કામ કરવા મુકી ગયા હતા. ડૉ. મનીષાબેન અને તેમના પતિ ચેતનભાઈએ તેને આગળ વધવા પ્રોત્સાહન આપતા 'નટુ' આજે સ્નાતક થઈ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી રહ્યો છે અને અધિકારી બનવા થનગની રહ્યો છે.

ગાંધીનગરના જાણીતા ડેન્ટીસ્ટ ડૉ. મનીષાબેન વ્યાસ શુકલ કહે છે કે હુ છેલ્લા ઘણા વર્ષોથી ખાનગી પ્રેક્ટીસ કરુ છુ. આટલા વર્ષો દરમ્યાન મારા ઘરે અને દવાખાનામાં ઘણા બધા કર્મચારીઓએ કામ કર્યું. વર્ષો વર્ષ કામ કર્યું પરંતુ નટુ જેવા સ્નેહના સંબંધોથી કોઈ જોડાયું નથી. એ તો મારો મોટો દિકરો જ છે. આગળથી વાતનો દોર સાંધતા ડૉ. મનીષાબેન કહે છે કે વર્ષો અગાઉ અમારા ઘરે હંસાબેન આવતા અને ઘરનું નાનુમોટુ કામ કરતા. એક દિવસ તેઓ તેમના દિકરા નટવરને લઈને ઘરે આવ્યા અને કહ્યું કે તે ધો. ૧૦માં નાપાસ થયો છે એને તમારા દવાખાને કામે રાખી લો. બસ એ દિવસથી આજદિન સુધી નટવર ઉર્ફે નટુ અમારા પરિવાર સાથે જોડાયેલો રહ્યો છે.

ડૉ. મનિષાબેનના પતિ ચેતન શુકલ સી.એમ. ઓફિસમાં જોઈન્ટ સેક્રેટરી તરીકે ફરજ બજાવે છે. તેમણે નટુને આગળ ભણવા માટે ખુબ પ્રોત્સાહન આપ્યું છે. નટુ તેમને ગુરૂ જ માને છે. તે પછીના વર્ષોમાં નટુએ અભ્યાસમાં ખુબ મહેનત કરી બી.એ. પૂર્ણ કર્યું અને હાલમાં એમ.એ. કરી રહ્યો છે. તેણે જીપીએસસીની નાયબ મામલતદાર માટેની પ્રિલિમ પરીક્ષા પાસ કરી દીધી છે અને હાલમાં મુખ્ય પરીક્ષાની તૈયારી કરી રહ્યો છે. તે સારી રીતે ભણી શકે તે માટે ડૉ. મનીષાબેનને તેને ખુબ મદદ અને સહયોગ આપ્યો છે. તેઓ કહે છે કે નટુને આગળ ભણવુ હતુ. નોકરીની સાથે સાથે જ તે ભણી શકે તે માટે અમે તેને વ્યવસ્થા કરી આપી. તે પણ એટલો જ સીન્સીયર છે કે તેણે કયારેય અમારા પ્રેમનો દુરઉપયોગ કર્યો નથી. તે સવારે આઠ વાગે અમારા ઘરે હાજર થઈ જતો અને ગાડી ધોવી, ફૂલછોડને પાણી પીવડાવવું જેવા નાના મોટા કામ કરી સવારે ૯ વાગે દવાખાને હાજર થઈ જતો. તે પછી બપોરે ભણવા જતો અને સાંજે દવાખાને પરત આવી ટીફીન જમી ફરી કામે વળગી જતો. અમારા ઘરના દરેક પ્રસંગમાં નટુનો રોલ ખુબ અગત્યનો. તેને કામ સોંપી દો અને નિશ્ચિંત બની જાવ. તમારૂ કામ થઈ જ જાય. મારો દિકરો ઝંકૃત નાનો હતો ત્યારે ક્યારેક તેને સાચવવાની જવાબદારી નટુના શીરે આવતી. તો તે કામ પણ તે ખુબ સારી રીતે નીભાવતો. અમે બહાર ફરવા જઈએ ત્યારે સામાનનું પેકીંગ કરી છેક એરપોર્ટ સુધી મુકી અમને મુકી આવવામાં નટુને ખુબ આનંદ થતો. બહારગામ ગયા હોઈએ ત્યારે ઘરની ચાવી નટુ પાસે જ હોય. તે દરરોજ ઘરે આવી સાફ સફાઈ કરાવી લેતો. અમે ઘરે આવીએ ત્યારે ઘર એકદમ અપટુડેટ હોય. અમારો આ વિશ્વાસ મેળવવા પાછળ તેનો પ્રેમાળ સ્વભાવ જ જવાબદાર છે. તમે વિશ્વાસ નહી કરો પરંતુ દિવાળીના ત્રણ મહિના પહેલા ઘરે આવી જાય અને ઘરનું બધુ જ કામ કરી નાંખે. ક્યારેય તેણે કોઈ બાબતે ફરિયાદ કરી નથી. સેક્ટર-૧૩ના ઝુંપડપટ્ટી વિસ્તારમાં રહેતો અને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતો નટુ કહે છે કે 'હુ બેનને ત્યાં પૈસા માટે કામ કરતો જ નથી. તેમણે મને જે આપ્યું છે તેનું ઋણ તો કદાચ હું જીવનભર ચુકવી શકીશ નહી. કોઈ હજારો રૂપિયા આપે તો પણ હું બીજે કામ કરવા નહી જાઉ. સરકારી નોકરી મળશે તો પણ હું દરરોજ અહીં તો આવીશ જ.'

મનીષાબેન કહે છે કે મારા કુટુંબ ઉપરાંત મારા ભાઈ, બહેનો કે નણંદ, જેઠના ઘરે કોઈ પ્રસંગ હોય તો તે ખડે પગે રહે છે. 'બેટા નટુ'ની બુમો તમને ચોતરફ સાંભળવા મળે. કદાચ ગયા ભવનું કોઈ ઋણ ચુકવવાનું બાકી હશે તો જ તે અમારા પરિવાર સાથે કુટુંબના એક સભ્ય તરીકે જોડાયેલો છે.

**સંબંધ સજાવે જિંદગી**

**વી આર ફેમિલી**

- તબસ્સુમ પઠાણ
gsrelation@yahoo.com



# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૭

સૂર્યાસ્ત : ૭.૧૭

## તાપમાન

મહત્તમ : ૪૧.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૮.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૬ ટકા ● સાંજે ૨૭ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧ :** એમઆઈબી-૩ (હિન્દી) : ૧૨.૪૫, ૩.૦૦, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :** એમઆઈબી-૩ (હિન્દી) : ૧૦.૧૫
ઈશકઝાદ : ૧૨.૩૦, ૩.૧૫, ૧૦.૧૫
એમઆઈબી-૩ (અંગ્રેજી) : ૬.૦૦
છોટા ભીમ : ૮.૧૫

**સ્ક્રીન-૩ :** ઈશકઝાદ : ૧૦.૦૦, ૭.૦૦
ડિપાર્ટમેન્ટ : ૧.૦૦, ૧૦.૦૦
હાઉસફુલ -૨ : ૪.૦૦

**સ્ક્રીન-૪ :** રક્તબીજ : ૧૦.૦૦
જન્નત -૨ : ૧૨.૩૦
વીકી ડોનર : ૩.૦૦, ૧૦.૧૫
છોટા ભીમ : ૫.૩૦
એમએલએ :૭.૪૫

### સિને મેક્સ

**સ્ક્રીન-૧ :** મેન ઈન બ્લેક (હિન્દી)૩ડી : ૯.૦૦, ૧૧.૧૫, ૩.૧૫, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦
છોટા ભીમ : ૧.૩૦

**સ્ક્રીન-૨ :** ઈશકઝાદે : ૧૦.૧૫,૧.૦૦,૪.૦૦,૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩ :** યે ખુલા આસમાન : ૧૦.૧૫, ૨.૪૫, ૭.૪૫
વીકી ડોનર : ૧૨.૧૫
વીર હમીરજી- સોમનાથની સંગાથે (ગુજરાતી) : ૪.૪૫
ડિપાર્ટમેન્ટ : ૧૦.૧૫

**સ્ક્રીન-૪ :** લવ રેસીપી : ૯.૩૦, ૨.૩૦
જન્નત -૨ : ૧૨.૦૦, ૧૦.૩૦
ડિપાર્ટમેન્ટ : ૫.૦૦
વીકી ડોનર : ૮.૦૦

### સૂર્યા, વાવોલ

કહર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
વીર હમીરજી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### આંબેડકર હોલ

- સાંજે ૬.૦૦ કલાકે ભારત મુક્તિ મોર્ચા,ગાંધીનગર દ્વારા સામાજિક કાર્યક્રમ

### સાંસ્કૃતિક કાર્યક્રમ

- રાત્રે ૯.૦૦ કલાકે ઑપન એર થિયેટર, સિટી પલ્સ ખાતે કુંતલ નિમાવત દિગ્દર્શિત કૉમેડી નાટક 'અનારકલીનો સ્વયંવર'

## આપની આજ

- કિશોર ત્રિવેદી

**મેષ :** નોકરીમાં સ્થિતિ સુધરતી જણાય. દરેક ક્ષેત્રમાં સમ્માન પ્રાપ્ત થઈ શકશે. પારિવારિક જીવન સંતોષપ્રદ રહેશે. દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. વ્યાપારક્ષેત્રે પ્રવાસ લાભદાયી બની શકે છે.

**વૃષભ :** ઉચ્ચ કોટિનું કૌટુંબિક સુખ પ્રાપ્ત થઈ શકશે. આવકના નવા સ્ત્રોત ઉભા થઈ શકશે. સ્થાયી મિલકતના કાર્યમાં સફળતા મળવાની શક્યતા છે. બીજાની ટીકા કરવાથી તમારી છબી ખરાબ થઈ શકે છે.

**મિથુન :** તમાર કાર્યની વૃત્તિ વ્યવહારિક હોવાની સાથે સાથે માનસિક શ્રમ- પ્રધાન હોવી જોઈએ. ઉત્સાહ અને પ્રયાસ તમને સફળતા પ્રદાન કરી શકશે. બીજાના કાર્યોની અનાવશ્યક આલોચના ન કરો.

**કર્ક :** રોકાયેલા નાણાં પરત મળી શકે છે. તમારી દૂરદર્શિતા અને પ્રયત્નના જોરે સ્થિતિ અનુકૂળ થઈ શકશે. વ્યાપારમાં સ્વંયના નિર્ણયથી કાર્ય કરો. પારિવારિક જીવન સુખદ રહેશે.

**સિંહ :** વ્યાપાર ક્ષેત્રમાં પ્રગતિની તકને કારણે આર્થિક રોકાણ વધશે. કુટુંબીજનોનો સાથ અને સહકાર મળી રહેશે. લાભકારી પ્રેરણાઓ મળી શકશે. ઉદર સંબંધી વિકાર થઈ શકે છે.

**કન્યા :** નવા કાર્યમાં વધારે રૂચીને કારણે પાછલા કાર્યમાં અડચણો આવી શકે છે. ધૈર્ય અને સહનશીલતા રાખવી પડશે. સંતાન સંબંધી પ્રશ્નો હલ થઈ શકે છે. આવક કરતાં ખર્ચ વધી શકે છે. રહેઠાણની સમસ્યાનો ઉકેલ આવી શકે છે.

**તુલા :** ઈશ્વર પર આસ્થા રાખતાં કાર્યને પૂરું કરો તો સારા અવસર પ્રાપ્ત થઈ શકશે. વ્યપાર -વ્યવસાય સારો ચાલશે. જીવનસાથીના આરોગ્યમાં સુધાર થશે.

**વૃશ્ચિક :** સ્ત્રી પક્ષથી કાર્યોમાં સહયોગ પ્રાપ્ત થશે. શુભ સમાચાર મળવાથી મન પ્રફુલ્લિત થશે. સામાજિક કાર્યોમાં તમારી સક્રિય ભૂમિકા રહેશે. નેત્ર સંબંધી સમસ્યા રહી શકે છે.

**ધન :** સહયોગી અને ભાઈઓના વ્યાપારમાં વૃદ્ધિ થવાનો યોગ છે. સંતાનની આરોગ્ય સંબંધી ચિંતાનું સમાધાન થઈ શકશે. નવા સંબંધ લાભકારક સિદ્ધ થઈ શકશે. ભૌતિક સુખના સાધનોની પ્રાપ્તિ થશે.

**મકર :** જોખમી કાર્યોથી સાવધાન રહેવું. કૌટુંબિક સમસ્યાઓની ચિંતા રહેશે. વ્યાપારમાં અનાયાસ ખલેલ પહોંચી શકે છે. ખાન-પાનની ગડબડીથી આરોગ્ય ખરાબ થઈ શકે છે.

**કુંભ :** કોઈ વિશિષ્ટજનની સલાહ તમારી સ્થિતિમાં લાભકારી પરિવર્તન લાવી શકશે. ભૂમિ, વાહન, મશીન ખરીદવાનો યોગ બનશે.

**મીન :** શત્રુઓ પર વિજયકારક યોગ તમને યશ સમ્માન અપાવી શકશે. વિપરીત પરિસ્થિતિમાં પણ તમે પૂર્ણ સફળતા પ્રાપ્ત કરી શકશો. સંતાનના આરોગ્યમાં કમીનો યોગ બને છે.

## ચિરવિદાય

- સ્વ. સુમિત્રાબેન દિલીપસિંહ દરબાર (ઉ.વ.૨૩) દરબારવાસ, મુ.પો. મોટા ચિલોડા તા., જિ. ગાંધીનગર
- સ્વ. વિલાસબેન સુરેન્દ્રલાલ શાહ( ઉ.વ.૭૯) એચ-૩/૧૫, પરિમલ એપાર્ટમેન્ટ, સેકટર-૭ડી, ગાંધીનગર
- સ્વ. લાલજી મગનજી ઠાકોર(ઉ.વ.૪૩)જૈન દેરાસર પાસે, મુ.પો. બોરીજ, તા.,જિ. ગાંધીનગર